**બોરસદના મહે. એડીશ્નલ ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ – બોરસદ**

ક્રિમીનલ કેસ નં – 3263/2022

આંક –

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

,m.આરોપી – રાજુભાઈ ભગવાનભાઈ તળપદા

**–:ચુકાદો:–**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ત.ક. અમલદારે ચાર્જશીટ ફાઈલ કરેલ છે. આરોપીને સમન્સ કરતાં કોર્ટ રૂબરૂ હાજર છે. આજરોજ લોક આદાલતના દિવસે **સ્પેશીયલ સીટીંગ** પણ રાખવામા આવેલ છે. સ્પેશીયલ સીટીંગમા અદાલતને વર્કીંગ દિવસમા જે કામગીરી કરવાની સત્તા હોય છે તેવી જ સત્તા આપવામા આવે છે. હાલનો આ ક્રિમિનલ કેસ નં. 3263/22 તે લોક અદાલત નહી પરંતુ સ્પેશીયલ સીટીંગમા આજ રોજ મુકવામા આવે છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગરીબ અને મજૂર વર્ગનાં માણસ છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવું સમજાવવામાં આવેલ છે તેમ છતાં સ્વૈછીક રીતે ગુનો કબુલ કરવા માંગે છે.

(૩) આરોપી સામે જુગાર ધારા કલમ ૧૨(અ) અન્વયેના ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની ઉંમરના, ગરીબ અને મજુર વર્ગના જણાય આવે છે. આરોપી કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને બાળબચ્ચાની જવાબદારી છે. ગરીન સ્થિતીને લીધે બચાવ કરવા સક્ષમ નથી. આ ઉપરાંત ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરેલ છે. અને ભવિષ્યમાં ગુનો નહિં કરવાની ખાત્રી આપે છે. જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન, મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. આ ઉપરાંત નામ. ગુજરાત વડી અદાલતના ૨૦૦૫(૧) જી.એલ. એચ. પાના નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.

નટવરસિંહ હરીચંન્દ્ર ઠાકોરનાં કેસમાં ડીવીઝન બેન્ચે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઇ નીચેની અદાલતમાં કાયદામાં [illegible]રેલ જોગવાઈ કરતાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોક્ત ચુકાદામાં પાના નં. ૭૨૧ પર પેરા ૨૧ માં જણાવેલ છે કારણો તેમજ સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતાં, સદર ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થાય છે. આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે જેથી સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયનાહિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-::હુકમ::-**

આ કામના આરોપીઓને ક્રિમી. પ્રો. કોડની કલમ - ૨૫૨ નાં પ્રબંધો અન્વયે જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને રૂ૦ ૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા/-) મળી કુલ રૂપીયા 100x7=700 ........../-નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન -૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે મુદામાલ પાવતીમા જણાવ્યા પ્રમાણેની રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા અન્ય મુદામાલનો નિયમ મુજબ નાશ કરવો. તથા અગાઉ મુદામાલ માટે કરેલ વચગાળાના હુકમ કાયમ રાખવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજની સ્પેશીયલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ -
બોરસદ.

(જી.એમ.આહીર)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
બોરસદ.

**Fine Paid Rs.:-**100x7=700/-
**Receipt No.:-**167 to 173
**Date:-**11-2-23

11/2/23
**Nazir**
**Principal Sr.Civil Court**
**Borsad**